
ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૬નું ચોથું સફળ ઢીંચણ પ્રત્યારોપણ (ની રિપ્લેસમેન્ટ) ઑપરેશન





અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ ગાંધીધામ સબ-ડિવિઝન રેલવે હોસ્પિટલમાં ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ૬૬ વર્ષના પુરુષ રેલવે લાભાર્થીનું ઢીંચણ પ્રત્યારોપણ ઑપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું. દર્દી ઢીંચણમાં સખત દુખાવો અને ચાલવા-ફરવામાં તકલીફથી પીડિત હતા. તેમનું ઑપરેશન હાડકાં રોગ નિષ્ણાંત ડૉ. પાર્થ રાઠી અને એનેસ્થેટિસ્ટ ડૉ. હિતેશ શાહ દ્વારા હોસ્પિટલના ઑપરેશન થિયેટરમાં કરવામાં આવ્યું. આ ઑપરેશનમાં ઢીંચણના ખરાબ સાંધાને કૃત્રિમ સાંધાથી બદલવામાં આવે છે, જેનાથી દર્દીને ચાલવા-ફરવામાં રાહત મળે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૬ માં ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં અત્યાર સુધી ઢીંચણ પ્રત્યારોપણના ચાર સફળ ઑપરેશન કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ મારફતે રેલવે લાભાર્થીઓને સ્થાનિક સ્તરે જ ઉત્તમ મેડિકલ સુવિધાઓ મળી રહી છે. આનાથી ઉપચાર માટે દૂરની હોસ્પિટલોમાં જવાની જરૂરીયાત ઓછી થાય છે અને દર્દીઓ અને તેમના પરિવારજનોને થનારી હાલાકીથી પણ રાહત મળે છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે લાભાર્થીઓને ઉત્તમ અને સુલભ મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

DoPT એ સ્વચ્છ ભારત દિવસ પર સ્વચ્છતા પ્રતિજ્ઞા, સ્વચ્છતા ઝુંબેશ અને વૃક્ષારોપણ સાથે સ્પેશિયલ કેમ્પેન ૬નો પ્રારંભ કર્યો; સ્વચ્છતા, પેન્ડન્સીનો નિકાલ, રેકોર્ડ મેનેજમેન્ટ અને ઈ-વેસ્ટ પર ધ્યાન કેન્દ્રિત કરાયું

પી.આઈ.બી. અમદાવાદ

કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT) એ સ્પેશિયલ કેમ્પેન ૬ના તૈયારી તબક્કાને સફળતાપૂર્વક પૂર્ણ કરી દીધો છે અને ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ સ્વચ્છ ભારત દિવસના રોજ અમલીકરણ તબક્કાની ઔપચારિક શરૂઆત કરી છે. અમલીકરણ તબક્કો ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. વહીવટી સુધારા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG) સાથે નોડલ વિભાગ તરીકે સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ આ ઝુંબેશ સ્વચ્છતાને મજબૂત બનાવવા, કાર્યક્ષમતામાં સુધારો કરવા, ડિજિટલ શાસનને પ્રોત્સાહન આપવા, કાર્ય વાતાવરણ અને સંસ્કૃતિમાં સુધારો કરવા, બાકી રહેલા કેસોનો સમયસર નિકાલ સુનિશ્ચિત કરવા અને સત્તાવાર સંસાધનોના વધુ સારા સંચાલનને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. આ પ્રારંભિક કાર્યક્રમ ગૃહ કલ્યાણ કેન્દ્ર, લોધી રોડ, નવી દિલ્હી ખાતે યોજાયો હતો, જેમાં સચિવ (P) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વચ્છતા શપથ, સ્વચ્છતા ઝુંબેશ, મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ, વૃક્ષારોપણ અને સ્વચ્છતાની થીમ પર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનો સમાવેશ થતો હતો, અને સ્વચ્છતા કર્મયોગીઓના સન્માન સાથે સમાપન થયું હતું. ૧૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલા તૈયારીના તબક્કા દરમિયાન, DoPT એ VIP સંદર્ભો, જાહેર ફરિયાદો, સંસદીય આશ્વાસનો અને સમયમર્યાદા ધરાવતી કામગીરીની જરૂરિયાત વાળી અન્ય બાબતોનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું. આ કવાયતે વિભાગને પ્રાથમિકતાના ક્ષેત્રોની ઓળખ કરવા અને અમલીકરણ તબક્કા દરમિયાન તેમના ઝડપી નિકાલ માટે લક્ષ્યાંકિત હસ્તક્ષેપો ઘડવામાં સક્ષમ બનાવ્યું.

આ કવાયત DoPT અને તેની સંલગ્ન અને તાબેદાર કચેરીઓમાં હાથ ધરવામાં આવી હતી. ઉપરોક્ત સાથે, DoPT અને તેની કચેરીઓએ ધ્યાન કેન્દ્રિત સ્વચ્છતા અને જગ્યા-વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ માટે વિવિધ સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ, પેન્ડિંગ બાબતોનો નિકાલ, રેકોર્ડ મેનેજમેન્ટ અને ઓફિસ સ્પેસ ખાલી કરવા આવરી લેતી એક્શન પ્લાનને આખરી ઓપ આપ્યો છે, જેમાં વધુ સ્વચ્છ, વધુ વ્યવસ્થિત અને ઉત્પાદક વર્કસ્પેસ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ફિઝિકલ અને ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ, ઓફિસ સ્ક્રેપ અને દૂર કરવાની જરૂરિયાત ધરાવતી અન્ય સામગ્રીઓની પણ વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી. વિભાગ અને તેની સંકળાયેલી કચેરીઓએ ડિજિટાઈઝેશન માટેના રેકોર્ડ્સ, નિકાલ કરવા માટેના જૂના દસ્તાવેજો અને ઉપલબ્ધ ઓફિસ સ્પેસના વધુ સારા ઉપયોગ માટેની તકોની ઓળખ કરી. આ પગલાંથી કાર્યસ્થળની કાર્યક્ષમતામાં સુધારો અને સંસ્થાકીય સંસાધનોના વધુ અસરકારક વ્યવસ્થાપનમાં યોગદાન મળવાની અપેક્ષા છે. તૈયારી તબક્કાના ભાગરૂપે, વિભાગે DARPGના SCDPM ૬ પોર્ટલ પર સ્પેશિયલ કેમ્પેન ૬ માટે જરૂરી લક્ષ્યાંકો અપલોડ કર્યા છે, જેનો ઉપયોગ ઝુંબેશની પ્રગતિની સમીક્ષા અને નિરીક્ષણ માટે કરવામાં આવશે. ઈ-વેસ્ટના અસરકારક એકત્રીકરણ, અલગીકરણ અને નિકાલ પરના આ વર્ષના ઝુંબેશના ભારને અનુરૂપ, DoPT એ આ ઘટક પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વિભાગ અને તેની સંકળાયેલી કચેરીઓના તમામ હિસ્સેદારોને સંવેદનશીલ બનાવવામાં આવ્યા છે જેથી ઈ-વેસ્ટને ઈ-વેસ્ટ (મેનેજમેન્ટ) રૂલ્સ, ૨૦૨૨ અનુસાર યોગ્ય રીતે ઓળખવામાં આવે, અલગ કરવામાં આવે, નિકાલ કરવામાં આવે અને સંચાલિત કરવામાં આવે, જેની પ્રગતિ DARPG દ્વારા અપડેટ કરવામાં આવતા સ્પેશિયલ કેમ્પેન ૬ પોર્ટલ પર ટ્રેક કરવામાં આવશે. તૈયારીનો તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ થતાં અને અમલીકરણનો તબક્કો ચાલુ હોવાથી, DoPT તેની કચેરીઓમાં સુસંગત કામગીરી માટે સુસજ્જ છે. આ ઝુંબેશ સ્વચ્છતાના સંસ્થાકીયકરણ, કાર્યક્ષમતા, iGOT કર્મયોગી પોર્ટલ દ્વારા ક્ષમતા-સંકળાયેલ ક્ષમતા નિર્માણ, પારદર્શિતા, જવાબદારી અને સુશાસનને પ્રોત્સાહન આપવા માટે વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે, જ્યારે વધુ સ્વચ્છ, વધુ વ્યવસ્થિત અને ઉત્પાદક કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપશે. સ્પેશિયલ કેમ્પેન ૬ દ્વારા, DoPT ઉત્તરદાયી શાસન, કાર્યક્ષમ જાહેર વહીવટ અને કાર્યસ્થળની પદ્ધતિઓમાં સતત સુધારા માટે તેની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે સ્વચ્છતા, સાયબર સુરક્ષા અને સુશાસનના સિદ્ધાંતો વિભાગની સંસ્થાકીય કામગીરીનો એક અભિન્ન ભાગ બને.

પશ્ચિમ રેલવે અમદાવાદ અને ખડગપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવશે

અમદાવાદ,પશ્ચિમ રેલવે દ્વારા તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ખડગપુર વચ્ચે વિશેષ ભાડા પર એક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન નં. ૦૨૮૩૩/૦૨૮૩૪ અમદાવાદ-ખડગપુર સ્પેશિયલ (કુલ બે ટ્રિપ) - ટ્રેન નંબર ૦૨૮૩૩ અમદાવાદ - ખડગપુર સ્પેશિયલ ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ અમદાવાદથી સવારે ૯:૪૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૭:૧૦ વાગ્યે ખડગપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૨૮૩૪ ખડગપુર - અમદાવાદ સ્પેશિયલ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ (બુધવાર) ના રોજ ખડગપુરથી ૦૫:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગ માં બંને દિશાઓમાં આ ટ્રેન વડોદરા, ભરૂચ, સુરત, નંદુરબાર, ભુસાવલ, અકોલા, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ચંપા, રાયગઢ, ઝારસુગુડા, રાઉરકેલા અને ટાટાનગર સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૨૮૩૩ માટે બુકિંગ ૨૨.૧૦.૨૦૨૬ થી સવારે ૦૮:૦૦ વાગ્યે બધા પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરુ થશે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને કોચની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશનના કામને કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે.

પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ ડિવિઝનના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ નં. ૫/૬ અને પ્લેટફોર્મ નં. ૩/૪ ના અપગ્રેડેશન અને સંબંધિત કાર્યો માટે ટ્રાફિક બ્લોકને કારણે ગાંધીધામ-પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવશે. વિગતો નીચે મુજબ છે:

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો - ટ્રેન નં. ૨૨૯૭૩ ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ થી ૬ જાન્યુઆરી ૨૦૨૭ સુધી માલતીપટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ રહેશે. ટ્રેન નં. ૧૨૯૯૩ ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ થી ૮ જાન્યુઆરી ૨૦૨૭ સુધી માલતીપટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ રહેશે. ટ્રેન નં. ૨૨૯૭૪ પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ થી ૯ જાન્યુઆરી ૨૦૨૭ સુધી માલતીપટપુર સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ રહેશે. ટ્રેન નં. ૧૨૯૯૪ પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી માલતીપટપુર સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ રહેશે.

હાઈફાર્મ પાઠશાળાના દીક્ષાંત સમારોહમાં પ્રગતિશીલ ખેડૂત ચેમ્પિયનોનું સન્માન



અમદાવાદ, ખેતીમાં નવી બાબતો શીખવાની અને જ્ઞાન વહેંચવાની ભાવનાથી પોતાના ખેતર ઉપરાંત અન્ય ખેડૂતોને પણ પ્રગતિ માટે પ્રેરણા આપનાર ખેડૂતોના સન્માન માટે, હાયફન ફૂડ્સના કૃષિ વ્યવસાય એકમ હાયફાર્મ દ્વારા ૧૩ ઓક્ટોબરના રોજ મહેસાણામાં આયોજિત હાયફન ફૂડ્સના પ્લાન્ટ ખાતે બીજા હાયફાર્મ પાઠશાળા દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પરિવારજનો સાથે ઉપસ્થિત રહેલા પાઠશાળા ખેડૂતોને 'ખેડૂત ચેમ્પિયન' તરીકે સન્માનિત કરવામાં આવ્યા. આ ખેડૂતોએ સ્વેચ્છાએ પોતાના ખેતરમાં નિદર્શન પ્લોટ તૈયાર કર્યા, ખેતીની સુધારેલી પદ્ધતિઓ અપનાવી અને અન્ય ખેડૂતોને પણ પ્રોસેસિંગ માટેના બટાકાની સારી ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા. હાયફન ફૂડ્સના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ સીઈઓ શ્રી હરેશ કરમચંદાનીએ જણાવ્યું હતું કે, "અનુભવી ખેડૂતો નવા અભિગમો અપનાવી રહ્યા છે અને તેમની સાથે યુવા તથા મહિલા ખેડૂતો પણ ખેતીમાં નવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આ તમામ ખેડૂતો પોતાના ગામના અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. ફોઝન ફૂડ ઉદ્યોગમાં પરિવર્તન લાવવા અને ભારતીય પેદાશોમાંથી તૈયાર કરાયેલા ફોઝન ફૂડને વિશ્વભરમાં પહોંચાડવાનું અમારું વિઝન ખેડૂતોનાં ખેતરોની પ્રગતિ અને તેમની સમૃદ્ધિથી શરૂ થાય છે. (૧૯-૧૦)

ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે દશેરા મહોત્સવની થયેલ ભવ્ય ઉજવણી



અમદાવાદ, વિજયાદશમી મહોત્સવ ઉજવણીના ભાગરૂપે ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર ભાડજ દ્વારા તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના આયોજિત દશેરા મહોત્સવમાં ભાવિકભક્તોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો. ભગવાન શ્રી રામ દ્વારા રાક્ષસી રાવણ પર મેળવેલ વિજયની યાદગીરીરૂપે વિજયાદશમી મહોત્સવ ઉજવવામાં આવે છે. ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, ભાડજના પ્રેસિડન્ટ સ્વામી શ્રી જગનમોહન કૃષ્ણ દાસે "દશેરા મહોત્સવ – સંસ્કૃતિ થકી આધ્યાત્મિકતા તરફ ફરીથી પ્રયાણ" વિશે સમજાવતા જણાવ્યું હતું કે દશેરા ઉત્સવ લોકોને ધાર્મિક અને સંસ્કૃતિનું ઊંડી ઝાંખી કરાવે છે. અનન્ય સંસ્કૃતિ અને ચૈતન્યરૂપી ભગવાનની આધ્યાત્મિકતાને ભેળવીને એકરૂપ કરવાના આ અવસરનો લાભ લઈને હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા દશેરા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. સર્વ શક્તિમાન શ્રી શ્રી રાધામાધવને ભવ્ય હનુમાન વાહન પર વિરાજમાન કરી રથમાં મંદિરની પરિસરમાં જાજરમાન સવારીમાં વિહાર કરાવવામાં આવ્યું તથા ભક્તો ભગવાન શ્રી રામના ગુણોનું રટણ કરતા સંકીર્તન ગાઈ જોડાયા હતા. ભગવાન શ્રી રામ અને સીતાદેવીની દિવ્ય લીલાઓનું ગુણગાન સાથે વિશેષ ×રામ લીલા× નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. (૨૨-૧)

અમદાવાદના વેપારી સાથે ફાર્મા કંપનીના નામે ૪૭ લાખની છેતરપિંડી, ઠગ માતા-પુત્ર સામે ફરિયાદ



અમદાવાદ, અમદાવાદના નવરંગપુરા સ્ટેડિયમ રોડ સ્થિત આભૂષણ કોમ્પ્લેક્સમાં ઓફિસ ધરાવતા માતા-પુત્રએ સોલા રોડના ગ્રાફિક્સ વેપારીને અસ્તિત્વમાં જ ન હોય તેવી બે ફાર્મા કંપનીઓના બોગસ પર્ચેસ ઓર્ડર મોકલી કુલ રૂ.૪૭.૩૭ લાખની છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ સંયુક્ત રીતે રો-મટિરિયલ્સ ખરીદવાના બહાને વેપારી પાસેથી બેંક અને રોકડ મારફતે રૂ. ૩૫.૩૪ લાખ મેળવી લીધા હતા અને પોતાની પેઢીનું કરાવેલું રૂ.૧૨.૦૨ લાખનું પ્રિન્ટિંગ કામ પણ ચૂકવ્યું ન હતુ. આ મામલે વેપારીએ ક્રાઈમબ્રાંચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે માતા-પુત્ર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સોલા રોડ સ્થિત ઉત્સવ એલિગન્સ ખાતે રહેતા ૫૧ વર્ષીય હિરેનકુમાર ચીનુભાઈ ગાંધી તેમની પત્ની શીતલબહેનના નામે 'શાર્પ ડિઝાઇન' નામની ફર્મ ચલાવી ગ્રાફિક્સ ડિઝાઈનિંગ અને પ્રિન્ટિંગનો વ્યવસાય કરે છે. જુલાઈ ૨૦૨૪માં તેમના એક પરિચિત મારફતે રોનક પ્રમોદભાઈ ભાવસાર(રહે. સુકૂન રેસિડેન્સી, સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે, ચાંદલોડિયા) સાથે તેમની મુલાકાત થઈ હતી. રોનકે જણાવ્યું હતું કે, તે નવરંગપુરા સ્ટેડિયમ રોડ પર આવેલા આભૂષણ કોમ્પ્લેક્સમાં પોતાની 'આર.બી. એન્ટરપ્રાઈઝ' અને માતા જાગૃતિબહેન પ્રમોદભાઈ ભાવસારના નામે 'પ્રજ્ઞા ગ્રાફિક્સ' નામની ફર્મ ચલાવે છે અને પોતે છેલ્લા ૨૦ વર્ષથી ફાર્મા કંપનીઓનું પ્રિન્ટિંગ કામ સંભાળે છે.

રોનકે હિરેનભાઈને ફાર્મા ક્ષેત્રનું મોટું કામ અપાવવાની ખાતરી આપી સંયુક્ત રીતે પાર્ટનરશિપમાં કામ કરવાની ઓફર કરી હતી. ત્યારબાદ ઓગસ્ટ-૨૦૨૪થી ઓક્ટોબર-૨૦૨૪ દરમિયાન રોનકે ઈમેલ પરથી હિરેનભાઈના મેઈલ આઈડી પર 'એઈમ ફાર્મા'ના રૂ.૩૩.૭૫ લાખ અને 'રેજીન ફાર્મા'ના રૂ. ૬૬.૬૪ લાખ મળી કુલ લાખો રૂપિયાના બોગસ વર્ક ઓર્ડર મોકલ્યા હતા. બંને પેઢીઓને એક જ કંપનીના ઓર્ડર મળ્યા હોવાથી જથ્થાબંધ રો-મટિરિયલ્સ સાથે ખરીદીએ તો સસ્તું પડશે તેવું કહી રોનકે હિરેનભાઈ પાસેથી બેંક મારફતે રૂ.૨૩.૭૩ લાખ અને રોકડા રૂ. ૧૧.૬૧ લાખ મળી કુલ રૂ.૩૫.૩૪ લાખ મેળવી લીધા હતા. જો કે, તેણે કોઈ કાચો માલ ખરીદ્યો નહોતો.

આ ઉપરાંત આરોપીઓએ પોતાની 'પ્રજ્ઞા ગ્રાફિક્સ' પેઢીના બ્રોશર, સ્ટીકર અને બોક્સ પ્રિન્ટિંગનું રૂ. ૧૨.૦૨ લાખનું કામ પણ કરાવી લીધું હતું. હિરેનભાઈએ નાણાંની ઉઘરાણી કરતાં માતા-પુત્ર વાયદા કરતા રહ્યા હતા. અંતે શંકા જતાં તપાસ કરતાં સામે આવ્યું હતું કે, જે એઈમ ફાર્મા અને રેજીન ફાર્માના પર્ચેસ ઓર્ડર આપવામાં આવ્યા હતા, તે કંપનીઓ વાસ્તવમાં અસ્તિત્વ ધરાવતી જ નહોતી. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં હિરેનભાઈએ આર્થિક ગુના નિવારણ શાખામાં આ મામલે રોનક ભાવસાર અને જાગૃતિબહેન ભાવસાર સામે ફરિયાદ નોંધાવી છે.

વાવ ખાતે યોજાયેલી સભામાં પાણીના ઉપયોગ અંગે આપેલા નિવેદન બાબતે રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરની સ્પષ્ટતા

ગાંધીનગર એચ.ઓ

ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે સ્પષ્ટતા આપતા જણાવ્યું છે કે, વાવ ખાતે એક કાર્યક્રમ દરમિયાન યોજાયેલી સભામાં રાજ્યમાં વરસાદની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈને મારા દ્વારા નિવેદન આપવામાં આવ્યું હતું. આ નિવેદનમાં અમારો મુખ્ય આશય એ હતો કે, ચાલુ વર્ષ સમગ્ર રાજ્ય માટે અલ-નિનોની અસર ધરાવતું વર્ષ હોવાથી સરેરાશ કરતાં ઓછો વરસાદ પડવાની પૂરી સંભાવના છે. જે બાબતને ધ્યાને રાખીને ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનું જળસંકટ ન સર્જાય, તે માટે અમારા વિસ્તારના ખેડૂતોને અત્યારથી જ પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા તથા પાણીનો વ્યય અટકાવતી ટપક અને ફુવારા સિંચાઈ જેવી આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવા જણાવાયું હતું. આ ઉપરાંત ખેડૂતોને ઓછા પાણીની જરૂરિયાત ધરાવતા પાકોનું વાવેતર કરવા માટે ખાસ અપીલ કરવામાં આવી હતી.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chember, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

SBFC
એસબીએફસી ફાઈનાન્સ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ : યુનિટ નં. ૧૦૩, પહેલો માળ, સી એન્ડ બી સ્કેવર, રંગમ કોમ્પલેક્ષ, CTS No.95A 127, અંધેરી, કુરૂલા રોડ, ગામ ચકાલા, અંધેરી (ઈ), મુંબઈ-૪૦૦૦૧૯. ટેલિફોન : +912267875300
ફેક્સ : +91 22 67875334 | www. Sbfc.com | કોર્પોરેટ આઈડેન્ટી નંબર : U67190MH2008PTC178270

જાહેર નોટીસ

આ જાહેર જનતાને જણાવવા માટે છે કે **એસબીએફસી ફાઈનાન્સ લિમિટેડ** દ્વારા **૨૩મી નવેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે** નીચેની શાખાના સરનામે ગીરવે રાખેલા સોનાના આભૂષણોની હરાજી હાથ ધરવામાં આવશે. અમારા જુદા જુદા ગ્રાહકોના લોન ખાતામાંથી મળેલ ધિરાણાં કે જેઓ તેમાના બાકી ચુકવવામાં નિષ્ફળ ગયા છે. તેમની હરાજી થશે. કરજદારોને આ હરાજીની જાણ કરતી નોટીસ પાઠવી દેવામાં આવી છે.
સોનાના દાગીનાની હરાજી કરવામાં આવનાર છે તે શાખાની વિગતો સાથે નીચે દર્શાવેલ વિવિધ ગ્રાહકો માટે ગ્રાહક આઈડી ના તમામ લિંક કરેલ એકાઉન્ટ્સ સાથે સંબંધિત છે.

અમદાવાદ શાખા સરનામું : એફ-૨ તિરૂપતી એવન્યુ, ગોરધનવાડી બસ સ્ટોપ, અપ્સરા થીએટર સામે, કાંકરીયા, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮ -AP00615578, AP00872652, AP00993720

હિંમતનગર શાખા સરનામું : એસબીએફસી ફાઈનાન્સ લિ., પહેલા માળે, ઉમિયા કોમ્પલેક્ષ, ઈકવીટાસ બેંકની ઉપર, નવીનકાન્ત ગાંધીરોડ, પ્રતાપ ગઢ પેટ્રોલ પંપ, હિંમતનગર ૩૮૩૦૦૧ -AP01003989

આણંદ શાખા સરનામું : ગોપાલ એવન્યુ, ઓફિસ નં. એફ-૫, ગોપાલ કોસીંગ પાસે, સ્ટેશન રોડ, આણંદ,ગુજરાત, ભારત -૩૮૮૦૦૧ -AP00666776, AP00778848, AP00868157, AP00985976, AP00985981, AP01002779, AP01003459, AP01003721, AP01003962

માવડી શાખા સરનામું : એસબીએફસી ફાઈનાન્સ લિ., પહેલા માળે, ઈન્દ્રપ્રસ્થ હોલ, આરડીસી બેંક પાસે, મણપુરમ ફાઈનાન્સ લિ.ની નીચે, માંડવી મેઈન રોડ, રાજકોટ પીન કોડ: ૩૬૦૦૦૪ - AP00738610, AP00953587, AP00993768, AP00994708, AP01003720, AP01003945, AP01005086, AP01005549, AP01005750

મોરબી શાખા સરનામું : એસબીએફસી ફાઈનાન્સ લિ., ઓફિસ નં. 3, ઓમ બીઝનેસ સેન્ટર, ઓમ શાંતિ સ્કુલ પાસે, શાનાલા રોડ, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧ - AP00671667, AP01003185, AP01003385, AP01004165

રાજકોટ શાખા સરનામું : એસબીએફસી ફાઈનાન્સ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, શિવમ કોમ્પલેક્ષ, મીરા જ્વેલર્સ પાસે, પાણીના ઘોડા, રણછોડ નગર, પેડાક રોડ, રાજકોટ-૩૬૦૦૦૩ - AP00475601, AP00476903, AP00539411, AP00577864, AP00583966, AP00665805, AP00819493, AP00829873, AP00867380, AP00875433, AP00891064, AP00993704, AP01003095, AP01003790, AP01004065, AP01004592, AP01021425, AP01022994

સીલવાસા શાખા સરનામું : એસબીએફસી, દુકાન નં. ૧૦૩, ૧૦૪, રોશન એવન્યુ, સીલવાસા-વાપી રોડ, ગ્લોબલ માર્ટની ઉપર, આમીલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સીલવાસા, ગુજરાત-૩૯૬૨૩૦ - AP00792158, AP00868316

સુરત શાખા સરનામું : એસબીએફસી, સુરત-અનુપમ બીઝનેસ સેન્ટર, ઓફિસ નં. ૧૨૨ અને ૧૨૩, યોગી ચોક પાસે, પુણે-સિમાડા રોડ (વરાસા), સુરત-૩૯૫૦૧૦ - AP00302722, AP00720037, AP00770890, AP00867086

વડોદરા શાખા સરનામું : એસબીએફસી, ૧૬-૧૭-૧૮, મંગલદિપ એપાર્ટમેન્ટ, ઝાંસી કી રાણી સર્કલ, વડોદરા - ૩૯૦૦૨૩ - AP00362582, AP00780966, AP00870204, AP00872624, AP00903246, AP00951314, AP00952991, AP01002960, AP01021607

વાપી શાખા સરનામું : એસબીએફસી, ઓફિસ નં. ૩, પહેલા માળે, ગીરનાર ખુશ્બુ પ્લાઝા, પ્લોટ નં. ૨૦૯, ગુંજન વાપી-૩૯૬૧૯૫, વલસાડ, ગુજરાત, ભારત - AP00345951, AP00604874, AP00744009

For more details, please contact **SBFC FINANCE LIMITED Contact Number (s) : 1800-102-8012**
(SBFC FINANCE LIMITED reserve the right to alter the number of accounts to be auctions to be auctioned & /postpone / cancle the auction without any prior notice.)

SHRIRAM Asset Reconstruction
શ્રીરામ એસેટ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ (SARC)
વિવિધ SARPL ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકેની ક્ષમતા મુજબ
રજીસ્ટર્ડ ઓફિસ : શ્રીરામ હાઉસ, નં. ૪, બુર્કીટ રોડ, ટી નગર, ચેન્નઈ - ૬૦૦૦૧૭. કોર્પોરેટ ઓફિસ : યુનિટ નં. એફએફ-એ-૦૫, એ-વિંગ, આર્ટ ગિલ્ડ હાઉસ, ફોનિક્સ માર્કેટ સીટી, એબપીએસ માર્ગ, કુરલા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦, ફોન નં. ૧૮૦૦ ૧૨૦ ૨૩૮૯, contact@truhomefinance.in

જાહેર નોટીસ : સ્થાવર મિલકત માટે ઈ-હરાજી-કમ-સ્થાવર મિલકત
સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના પરિશિષ્ટ - ૪-એ મુજબ નિયમ ૬, ૮(૬) અને ૯ ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર/લેનારાઓ અને ગેરંટરને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર, હવે શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ, ને ગીરવે મૂકવામાં આવી છે/ચાર્જ કરવામાં આવી છે, જે SARC ટ્રસ્ટ-5 ના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે [રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર] (ત્યારબાદ "SARPL" તરીકે ઓળખાય છે) SARFAEI કાયદાની કલમ (૬) ૬ઠ્ઠા, નીચે ઉલ્લેખિત ઋણ લેનારાઓ સહિત વિવિધ ઋણ લ